પ્રા.ડૉ.આરતી રાઠોડ
ગુજરાતી વિભાગ
બી.એ.સેમ.૧
મેજર – ૧૦૧ ‘સુદામાચરિત્ર’
એકમ : ૪

## વિરામચિહ્નો

વિરામચિહ્નો એટલે લખાણની ભાષામાં વપરાતાં એવા ચિહ્નો જે લખાણ વાંચતા, કે બોલતા, ક્યાં કેટલી વિશ્રાંતિ લેવી એ દર્શાવે છે. એ ઉપરાંત વિરામચિહ્નો ભાષાનું સંયોજન અને બંધારણ પણ દર્શાવે છે.

લેખીત ભાષામાં વિરામચિહ્નો અર્થભેદ પણ દર્શાવે છે. દા.ત. વાક્ય; "પુરુષ વિના, સ્ત્રી, અપૂર્ણ છે." (પુરુષનું મહત્વ), "પુરુષ, વિના સ્ત્રી, અપૂર્ણ છે." (સ્ત્રીનું મહત્વ). ભાષા, સ્થળ, કાળ, બોલી વગેરે પ્રમાણે વિરામચિહ્નોનાં નિયમો અલગ અલગ હોઈ શકે છે. બદલતા પણ રહે છે. વિરામચિહ્નોનાં કેટલાંક પાસા લેખક કે સંપાદકની વિશિષ્ટ શૈલીને લગતાં પણ હોઈ શકે છે.

ગુજરાતી ભાષામાં બાર ચિહ્નો વપરાય છે.[૧] જે નીચે મુજબ છે.

- પૂર્ણ વિરામ .
- અલ્પ વિરામ ,
- પ્રશ્નચિહ્ન ?
- ઉદ્‌ગારચિહ્ન !
- અર્ધ વિરામ ;
- ગુરુવિરામ કે મહાવિરામ :
- વિગ્રહરેખા –
- ગુરુરેખા કે મહારેખા —
- અવતરણ ચિહ્ન " " કે ‘ ’
- કૌંસ ( ) કે [ ] કે { }
- લોપકચિહ્ન ’
- કકપાદ ચિહ્ન ^

# પૂર્ણ વિરામ

૧. વાક્ય પૂરું થાય ત્યારે પૂર્ણવિરામ આવે છે, કારણ કે ત્યાં પૂરેપૂરો વિરામ લેવાનો હોય છે. જેમકે,[૧]

પ્રકૃતિ અને માનવકૃતિનું અહીં સુંદર મિશ્રણ હતું. અનેક પર્વતોની હારમાળા પથરાયેલી હતી જ.

૨. સંક્ષિપ્ત વચનો બતાવનાર અક્ષરો પછી પૂર્ણવિરામ આવે છે. જેમકે,
સ્વ. (સ્વર્ગસ્થ), તા. (તારીખ), શ્રી. (શ્રીયુત)

૩. નિયમોની સંખ્યા બતાવનાર આંકડાઓ કે અક્ષરો પછી તેમને બીજા શબ્દોથી જુદા પાડવા માટે પૂર્ણવિરામ મુકવામાં આવે છે. જેમકે,
૧. નામ ૨. સર્વનામ કે અ. નામ બ. સર્વનામ વગેરે

# અલ્પ વિરામ

૧. જ્યારે નામો, વિશેષણો, ક્રિયાપદો કે અવ્યવો સાથે વપરાયાં હોય અને તેઓ 'ને', 'અને', 'તથા', એવાં ઉભયાન્વયી અવ્યવોથી જોડાયાં હોય ત્યારે તેવા શબ્દોની વચ્ચે અલ્પવિરામ મૂકવું.[૧] જેમકે,

- ત્યાંની સામાજિક, આર્થિક, રાજકીય અને ધાર્મિક વ્યવસ્થા તેને સહેજે સમજાતી જાય છે.

૨. સમાનાધિકરણ નામની પહેલાં અલ્પવિરામ મુકાય છે. જેમકે,

- શાળામાં પ્રથમ ક્રમાંકે આવનાર, સૌથી વધુ ગુણ લાવનાર, સૌથી હોંશિયાર, ટબૂકડો ટીનુ, અમારી સાથે અભ્યાસ કરતો હતો.

૩. સમાન કક્ષામાં આવેલા ઘણા શબ્દો કે વાક્યો સાથે 'એ', 'આ', 'એવું', 'એમ', 'તે', 'તેમ', જેવા શબ્દો આવ્યા હોય ત્યારે તે દરેક શબ્દસમૂહ કે વાક્ય પછી અલ્પવિરામ મુકાય છે. જેમકે,

- પવનની મંદ લહરીઓ, પક્ષીઓના કર્ણપ્રિય કલરવો, પુષ્પોના સુગંધી પરાગ, એ સૌ વાતાવરણને મનોરમ બનાવતા હતા.

૪. 'ટૂંકમાં', 'સંક્ષેપમાં', 'ખરેખર', 'સારાંશ કે', 'જેમકે', 'જેવા કે'—આવા શબ્દો પછી અલ્પવિરામ આવે છે. જેમકે,

- તમે અહીં હસો, રમો, ફરો. ટૂંકમાં, ગમે તે કરો; પણ કાંઈ નુકશાન ન થાય તેનું ધ્યાન રાખશો.

૫. બે કે વધારે શબ્દો કે શબ્દસમૂહો પછી 'વગેરે' 'ઇત્યાદી' એવા શબ્દો આવે ત્યારે આવા દરેક શબ્દ કે શબ્દસમૂહ પછી અલ્પવિરામ મૂકવું. જેમકે,

- ખેતરમાં જતા ખેડૂતોના ડચકારા, બળદને ગળે બાંધેલી ઘંટડીઓના રણકાર, બાજુમાં ફરતી ઘંટીનો ઘેરો નાદ, પનિહારીઓનો પગરવ, બાળકોનો કિલકિલાટ અને બૂમરાણ, વગેરે વડે એક વિચિત્ર સ્વરસપ્તક રચાયું.

૬. સંબોધનાર્થે વપરાયેલા શબ્દ પછી અલ્પવિરામ મુકવું. જેમકે,

- રમણ, અહીં આવ.

૭. ક્રિયાપદ આજ્ઞાર્થમાં હોય અને તે પછી આખું વાક્ય તેના કર્મ તરીકે વપરાયું હોય તો તે આજ્ઞાર્થ ક્રિયાપદની પછી અલ્પવિરામ મૂકવું. જેમકે,

- જુઓ, આ ફૂલ કેવું સુંદર છે !
- સાંભળો, કેવા મીઠા સ્વરો આવે છે !

૮. નામવાક્ય કર્મ હોય અને તે પહેલાં 'કે' ન વાપર્યો હોય તો અલ્પવિરામ મૂકવું. જેમકે,

- એણે વિચાર્યું, હવે મારું શું થશે ? (એણે વિચાર્યું કે હવે મારું શું થશે ?)

૯. સંયુક્ત વાક્યનાં સહગામી વાક્યો પછી અલ્પવિરામ મૂકવું. જેમકે,

- આઠ થયા, સંગીત બંધ થયું, માણસો વીખરાવા લાગ્યા.

૧૦. મિશ્રવાક્યમાં ગૌણવાક્ય આરંભમાં આવેલું હોય અને લાંબું હોય તો તેને અલ્પવિરામ વડે મુખ્ય વાક્યથી જુદું પાડવું. એક કરતાં વધારે ગૌણવાક્યો હોય તો દરેકને છેડે અલ્પવિરામ મૂકવાં. જેમકે,

- જે રાજતંત્ર પોતે રચેલું નથી, જેના કાર્યમાં પોતાનો અવાજ નથી, જે દેશનું પ્રતિનિધિત્વ ધરાવતું નથી, જે જોરજુલમથી તેના પર સત્તા જમાવવા ઈચ્છે છે તેનો નાશ કરવો એ નાગરિકની એક ફરજ છે.

# પ્રશ્નચિહ્ન

૧. પ્રશ્નરૂપે પૂરેપૂરો વિચાર દર્શાવાતો હોય તો વાક્યને અંતે પ્રશ્નચિહ્ન મુકાય છે. જેમકે,[૧]

- સંપના અભાવે ભારતને શું ઓછું સહન કરવું પડ્યું છે ?

૨. મિશ્રવાક્યમાં આ ચિહ્ન મૂકતાં નીચેની બાબતો ધ્યાનમાં રાખવી:

- મુખ્ય વાક્યમાં પ્રશ્ન હોય તો પ્રશ્નચિહ્ન વાપરવું જ. જેમકે,
  - કોણ કહે છે કે તે પ્રમાણિક નથી ?
- ગૌણવાક્યમાં પ્રશ્ન હોય પરંતુ તે વાક્યને અંતે આવ્યું હોય તો પણ પ્રશ્નચિહ્ન મૂકવું. જેમકે,
  - તે બોલ્યો, તમે અમદાવાદથી ક્યારે પાછા ફરશો ?

- ગૌણવાક્યમાં પ્રશ્ન હોય અને તે વાક્યની શરૂઆતમાં આવ્યું હોય તો પ્રશ્નચિહ્ન મુકાતું નથી. જેમકે,
    - તમે અમદાવાદથી ક્યારે પાછા ફરશો એમ તેણે પૂછ્યું.

૩. આજ્ઞાના સ્વરૂપમાં પ્રશ્ન હોય તો પ્રશ્નચિહ્ન મુકાતું નથી, પણ પૂર્ણવિરામ જ મુકાય છે. જેમકે,

- ફ્રાન્સની રાજધાની કહો.
- નામના પ્રકાર ગણાવો.

# ઉદ્‌ગારચિહ્ન

૧. આશ્ચર્ય કે લાગણીનો આવેશ જે વાક્યોથી બતાવાય છે તેવા વાક્યોને અંતે. જેમકે,[૧]

- કેવું અદ્‌ભુત દૃશ્ય!
- બિચારો મનુષ્ય! તેના મીઠામાં મીઠા ગીતના સ્વરો કારુણ્યથી રંગાયેલા છે! તેના હાસ્યસાગરને તળિયે રુદનનાં બિન્દુ બાઝેલાં છે!

૨. લાગણી કે આશ્ચર્ય બતાવનાર કેવળપ્રયોગી અવ્યવો પછી. જેમકે,

- અરેરે! પેલો માણસ કેટલો દુઃખી છે!
- અહો! અહો! આ અવલોકિતેશ્વર!

૩. સંબોધનની પછી કેટલીક વખત ઉદ્‌ગારચિહ્ન આવે છે. જેમકે,

- હે પ્રભુ! તું મને આ સંકટમાંથી બચાવ.

# અર્ધ વિરામ

અર્ધવિરામ અલ્પ વિરામથી વધારે અને પૂર્ણ વિરામથી ઓછો વિરામ લેવાનું સૂચવે છે.[૧] તેનો વપરાશ:

૧. સંયુક્ત વાક્યનાં સહગામી વાક્યોને છૂટાં પાડવા માટે. જેમકે,

> જીવનનું મૂલ્ય કોઈ સુઘડ ઘર, સુંદર પથારી ને સરસ શાક વડે કરે છે; કોઈ પૈસા વડે, કોઈ કીર્તિ વડે કરે છે; કોઈ સત્તા વડે, કોઈ તપ વડે, કોઈ પ્રણય વડે કરે છે.

૨. બે વાક્યોના બનેલા સંયુક્ત વાક્યમાં બેની વચ્ચેનું ઉભયાન્વયી અવ્યવ અધ્યાહૃત હોય તો. જેમકે,

> મહાત્મા હસે છે; એમને કાબરચીતરી મૂછોના ફરકાટમાં આજે જુદી જ ગતિ દેખાય છે.

# મહાવિરામ

મહાવિરામ કે ગુરુવિરામ ચિહ્ન અર્ધ વિરામથી વધારે અને પૂર્ણ વિરામથી કંઈક ઓછો વિરામ લેવાનું સૂચવે છે.[૧] તેનો વપરાશ:

૧. ગણતરી કરવી હોય, સમજૂતી આપવી હોય કે વર્ણન કરવું હોય તો પ્રસ્તાવરૂપ પ્રથમના વાક્ય પછી આ ચિહ્ન મુકાય છે. જેમકે,

> ઉત્તરોત્તર થતા જતા સુધારાનાં મુખ્ય બે ધ્યેય હતા: મુસાફરીની સગવડ વધારવી અને ગતિને ત્વરિત કરવી.
> વિભક્તિ: તેના અર્થ.

૨. કોઈના બોલેલા શબ્દો વાક્યના બીજા શબ્દોથી છૂટા પાડવા માટે અલ્પ વિરામને બદલે કેટલીક વખત આ ચિહ્ન વપરાય છે. જેમકે,

> પ્રધાનજી હસ્યા: "ના બાપુ! ના. આ સમય અનુકૂલ નથી."

# વિગ્રહરેખા

લઘુરેખા કે વિગ્રહરેખા[૧]નો વપરાશ:

૧. સમાસનો વિગ્રહ કરતાં-છૂટા પાડતાં આવી નાની રેખા વપરાય છે. જેમકે,

> ભક્તિભૂખ્યા-ભક્તિ માટે ભૂખ્યા.
> ઉત્સાહમૂર્તિ-ઉત્સાહની મૂર્તિ.

૨. લખતાં લખતાં લીટીને અંતે શબ્દ અધૂરો રહે તે દર્શાવવા માટે પણ આવી રેખા મુકાય છે. જેમકે,

> પાંડવો અને કૌરવો ભેગા મળ્યા. કુરુક્ષેત્રમાં મહા-
> ભારત યુદ્ધ ખેલાયું.

# મહારેખા

ગુરુરેખા કે મહારેખા[૧]નો વપરાશ:

૧. અમુક પદાર્થો ગણાવ્યા પછી ઉપસંહાર કરતાં મહારેખા મુકાય છે. જેમકે,

> સરિતાનું સ્વચ્છ પાણી, વનનો શીળો પવન, અને આસપાસની ધરિત્રીમાંથી પાકતું ધાન્ય—એ જીવન નિભાવની ત્રણે વસ્તુઓ ઈશ્વરે છૂટે હાથે વેરી હોય ત્યાં પછી શાની મણા રહે ?

૨. અમુક વસ્તુના જુદા જુદા પ્રકાર છે એમ કહી તે પ્રકારો ગણાવતા પહેલાં આ ચિહ્ન મુકાય છે. જેમકે,

> નવીન રાજકીય શસ્ત્રો—સત્ય અને અહિંસા.

અહીં કેટલીક વખત મહાવિરામ અને મહારેખાનું સંયુક્ત ચિહ્ન :— પણ મુકાય છે. જેમકે,

> નવીન રાજકીય શસ્ત્રો :—સત્ય અને અહિંસા.

# અવતરણ ચિહ્ન

કોઈના બોલેલા જ શબ્દો અથવા કોઈ લેખકનું લખાણ જેમનું તેમજ આપણે લખીએ ત્યારે અવતરણ ચિહ્ન મુકાય છે.[૧] જેમકે,

અચાનક પેલો માણસ બોલ્યો, “આ સ્થળ તમને કોણે બતાવ્યું?”
‘મને કોઈએ બતાવ્યું નથી; મેં જોયું ને મને ગમ્યું.’

ઘણી વખત આ ચિહ્ન મૂક્યા સિવાય માત્ર અલ્પ વિરામ મૂકીને જ કોઈના બોલેલા શબ્દો લખવામાં આવે છે. જેમકે,

અચાનક પેલો માણસ બોલ્યો, આ સ્થળ તમને કોણે બતાવ્યું?

# કૌંસ

કૌંસ ત્રણ જાતના છે.[૧] **( ), [ ]** અને **{ }.**

૧. કોઈ અઘરા શબ્દનો અર્થ એ શબ્દ પછી તરત જ કૌંસમાં મુકાય છે. જેમકે,

- દેહ (શરીર) અને દેહી (આત્મા) ની પવિત્રતા સાધીને જ મનુષ્ય ઊંચે ચડે છે.

૨. જુદા જુદા ફકરા કે મુદ્દા બતાવનાર આંકડાઓ કે શબ્દો ઘણીવાર કૌંસમાં મુકાય છે. જેમકે,

- નામના પ્રકારો :—

(૧) જાતિવાચક --- [૧] જાતિવાચક
(૨) સંજ્ઞાવાચક --- [૨] સંજ્ઞાવાચક

# લોપકચિહ્ન

શબ્દમાં ‘હ’કારનો લોપ થયેલો હોય ત્યારે તે બતાવવા માટે લોપકચિહ્ન વપરાય છે.[૧] જેમકે,

રે’વું (રહેવું), મા’રાજ (મહારાજ), મા’દેવ (મહાદેવ), વગેરે. આ ચિહ્ન ગ્રામ્યભાષામાં કે કવિતામાં જ વપરાય છે